# માત્ર હોસ્પિટલના રેકર્ડમાં બીમારી અંગેની નોંધના આધારે જીવન વીમા કું. વીમેદારનો ક્લેમ નામંજૂર કરી શકે નહીં

ઈન્શ્યોરન્સ એક્ટની કલમ-૪૫માં પણ એવી જોગવાઈ છે કે જીવન વીમા પોલિસી ઈસ્યુ કર્યા બાદ બે વર્ષ પછી વીમાધારકે વીમો લેતી વખતે પ્રપોઝલ ફોર્મમાં ખોટી હકીકત જણાવી છે અથવા તો મહત્ત્વની હકીક્ત છુપાવી છે તેવા કારણસર જીવન વીમા કંપની ક્લેમ ના મંજૂર કરી શકે નહીં સિવાય કે (૧) જણાવવામાં આવેલ ખોટી હકીકત અથવા છુપાવવામાં આવેલ હકીકત મહત્ત્વની હોવી જોઈએ. (૨) વીમો લેનારે બદઈરાદાપૂર્વક મજકૂર હકીકત છુપાવી યા ખોટી જણાવેલ હોવી જોઈએ. (૩) વીમો લેનાર એ બાબત જાણતી હોવી જોઈએ કે જણાવેલ હકીકત ખોટી છે અથવા છુપાવવામાં આવેલ હકીકત મહત્ત્વની છે.

ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ગ્રાહક અદાલતોએ આપેલા કેટલાક મહત્ત્વના ચુકાદાઓ થકી પ્રસ્થાપિત થયેલ કાનૂની સિદ્ધાંત અનુસાર પણ જીવન વીમો લીધા પછી બે વર્ષ પછી વીમો લેનારનું અવસાન થવાના સંજોગોમાં ગુજરનારને વીમો લેતી વખતે પ્રી-એક્ઝીસ્ટીંગ ડીસીઝ હોવાના તારણ પર આવી ક્લેમ ના મંજૂર કરે તો તેવી પ્રી-એક્ઝીસ્ટીંગ ડીસીઝ હોવાની બાબત ઉપર જણાવેલ ઈન્શ્યોરન્સ એક્ટની કલમ-૪૫ અન્વયેની ત્રણ હકીકતો ચોક્કસ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી વીમાકંપનીની છે અને તેવી હકીકતો પુરવાર ન કરી શકનાર જીવન વીમા કંપની ક્લેમની રકમ વ્યાજ અને વળતર સહિત ચૂકવવા જવાબદાર બનશે.

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ કમલાદેવી ગુપ્તાના કેસમાં મૂળ ફરિયાદી કમલાદેવીના પતિ રાધેશ્યામ ગુપ્તા રૂ. ૭૫,૦૦૦/- ની જીવન વીમા પોલિસી ધરાવતા હતા. તેમનું કેન્સરને કારણે અવસાન થયું હતું. જીવન વીમા કંપનીએ તેમની સારવારના રેકર્ડમાં તેમને બ્રોન્કાઈટીસ તથા ટી. બી. ની બીમારી અગાઉથી હોવાની નોંધ હોવાને કારણે અને મજકૂર બીમારીની નોંધ હોવાને કારણે જીવન વીમો લેતી વખતે પ્રપોઝલ ફોર્મમાં જણાવ્યું ન હોવાને કારણે



**જીવન વીમો લીધા પછી બે વર્ષ પછી વીમો લેનારનું અવસાન થવાના સંજોગોમાં ગુજરનારને વીમો લેતી વખતે પ્રી-એક્ઝીસ્ટીંગ ડીસીઝ હોવાના તારણ પર આવી ક્લેમ ના મંજૂર કરે તો તેવી પ્રી-એક્ઝીસ્ટીંગ ડીસીઝ હોવાની બાબત ઇન્શ્યોરન્સ એક્ટની કલમ-૪૫ અન્વયેની ત્રણ હકીકતો ચોક્કસ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી વીમાકંપનીની છે**

ક્લેમ ના મંજૂર કર્યો હતો. નેશનલ કમિશને ઠરાવ્યું હતું કે ગુજરનારે જીવન વીમો લીધો તે અરસામાં યા તે અગાઉ કેન્સરની કોઈ ટ્રીટમેન્ટ કરાવી હોય તેવો કોઈ પુરાવો જીવન વીમા કંપની રજૂ કરી શકી નથી અને બ્રોન્કાઈટીસ યા ટી. બી.ની ટ્રીટમેન્ટની હકીકત પ્રપોઝલ ફોર્મમાં જણાવી હોય તેને મહત્ત્વની હકીકત છુપાવી છે તેમ ગણાય નહીં અને તે સંજોગોમાં જીવન વીમા કંપનીએ ક્લેમની ચૂકવણી ખોટી રીતે નકારી હોવાનું ઠરાવી નેશનલ કમિશને વીમા કંપનીને ક્લેમ ચૂકવવા જવાબદાર ઠેરવી હતી.

અવિવા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની વિરૂધ્ધ ટી. ઉમાવતીના કેસમાં પણ નેશનલ કમિશને ઠરાવ્યું હતું કે વીમેદારની ટ્રીટમેન્ટ દરમ્યાન હોસ્પિટલના રેકર્ડમાં ડોક્ટરે કોઈ ઓબર્ઝવેશન યા નોંધ કરી હોય તો માત્ર તેના આધારે જ અને તેવી નોંધ / ઓબ્ઝર્વેશન કરનાર ડૉક્ટરની એફિડેવીટ કરાવ્યા વિના વીમા કંપની વીમો લેનારને વીમો લેતા અગાઉથી જ બીમારી હોવાના તારણ પર આવીને ક્લેમ નામંજૂર કરી શકે નહીં.

અન્ય એક મહત્ત્વના કેસ લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ સાજીદા બેગમમાં પણ નેશનલ કમિશને વીમેદારની હોસ્પિટલ ટ્રીટમેન્ટ દરમ્યાન હોસ્પિટલના રેકર્ડમાં વીમેદારને પંદર વર્ષથી હાઈપર ટેન્શન અને દસ વર્ષથી ડાયાબિટિસ હોવાની કરાયેલી નોંધને આધારે વીમેદારને વીમો લેતા અગાઉથી જ બીમારી હોવાની અને મજકૂર હકીક્ત પ્રપોઝલ ફોર્મમાં છુપાવી હોવાના તારણ પર આવી વીમેદારની વિધવાનો રૂ. ૬૦,૦૦૦/- નો ક્લેમ ના મંજૂર કરવામાં જીવન વીમા કોર્પોરેશનના પક્ષે સેવામાં ક્ષતિ થઈ હોવાનું ઠરાવી વીમેદારની વિધવાને ક્લેમની રકમ રૂ. ૬૦,૦૦૦/- વ્યાજ અને વળતર સહિત ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

આમ, માત્ર હોસ્પિટલના રેકર્ડઝમાં દર્દીની બીમારી અંગેની કોઈ નોંધને આધારે જીવનવીમા કંપની વીમેદારને વીમો લેતા અગાઉથી જ એટલે કે પ્રિ-એક્ઝીસ્ટીંગ બીમારી હોવાના અનુમાન પર આવી પોલિસી અન્વયેનો ક્લેમ નામંજૂર કરે તો તે જીવનવીમા કંપનીની સેવામાં ખામી ગણાશે અને તેવા સંજોગોમાં જીવનવીમા કંપની ક્લેમની રકમ વ્યાજ, વળતર તથા ખર્ચ સહિત ચૂકવવા જવાબદાર બની શકે.•

**કેન્ડલ લાઈટ**

મજનૂને પણ ઈર્ષા આવે, એવી મેં રજૂઆત કરી,
પ્રેમની મારી નિર્ભય રીતે મેં તો જાહેરાત કરી.
– 'સૈફ' પાલનપુરી

# બાઈકમાં પેટ્રોલ એન્જિન જ કેમ હોય છે, શા માટે નથી લગાવવામાં આવતું ડીઝલ એન્જિન?

બાઈકમાં હંમેશા પેટ્રોલ એન્જિન લગાવવામાં આવે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે, આવું કેમ થાય છે? બાઇકમાં ડીઝલ એન્જિન કેમ નથી લગાવવામાં આવતું? ડીઝલ, પેટ્રોલ કરતાં સસ્તું છે. સોશિયલ મીડિયા પર પણ આ જ સવાલ પૂછવામાં આવ્યો હતો. એક નિષ્ણાતે આ વિશે સંપૂર્ણ માહિતી આપી છે. ઘણા લોકો આ વિશે જાણતા નથી.

મેકેનિકલ એક્સપર્ટ રેબેકા વિલિયમ્સના જણાવ્યા અનુસાર, ડીઝલ એન્જિન તેમની ઉચ્ચ કાર્યક્ષમતા, ઓછા કાર્બન ઉત્સર્જન અને ઉચ્ચ ટોર્ક માટે જાણીતા છે. આ કોઈપણ એન્જિન માટે ખૂબ જ ઉપયોગી છે, પરંતુ આટલી ક્ષમતા હોવા છતાં, ડીઝલ એન્જિનનો ક્યારેય મોટરસાયકલમાં ઉપયોગ થતો નથી. મોટાભાગની બાઇકમાં પેટ્રોલ, ગેસોલિન અને ઈલેક્ટ્રિક એન્જિનનો ઉપયોગ થાય છે. તેની પાછળ એક ખાસ કારણ છે.

ડીઝલ એન્જિન ગેસોલિન અથવા ઈલેક્ટ્રિક એન્જિન કરતાં ભારે હોય છે કારણ કે તેમાં વધુ ઘટકો હોય છે. તેનું કારણ એ છે કે, ડીઝલ એન્જિનને વધુ ઠંડકની જરૂર પડે છે. એન્જિનના વધુ વજનને કારણે, મોટરસાઇકલનું વજન વધે છે, જે તેની ગતિ ઘટાડે છે. બાઇકને સામાન્ય રીતે લાઇટ ડિઝાઇન કરવામાં આવે છે, જેથી તે ઝડપથી ચાલી શકે.

આવી સ્થિતિમાં ડીઝલ એન્જિન ફીટ થતું નથી.



**મેકેનિકલ એક્સપર્ટ રેબેકા વિલિયમ્સના જણાવ્યા અનુસાર, ડીઝલ એન્જિન તેમની ઉચ્ચ કાર્યક્ષમતા, ઓછા કાર્બન ઉત્સર્જન અને ઉચ્ચ ટોર્ક માટે જાણીતા છે. આ કોઈપણ એન્જિન માટે ખૂબ જ ઉપયોગી છે, પરંતુ આટલી ક્ષમતા હોવા છતાં, ડીઝલ એન્જિનનો ક્યારેય મોટરસાયકલમાં ઉપયોગ થતો નથી**

બીજું, ડીઝલ એન્જિન ગેસોલિન અથવા ઈલેક્ટ્રિક એન્જિન કરતાં વધુ મોંઘા હોય છે, કારણ કે તેમને ઉત્પાદન માટે વધુ સામગ્રી અને તકનીકની જરૂર પડે છે. તેમને વધુ જાળવણી અને સમારકામની પણ જરૂર છે. જેના કારણે બાઇકની કિંમત વધી જાય છે.

ડીઝલ એન્જિનો ગેસોલિન અથવા ઈલેક્ટ્રિક એન્જિન કરતાં વધુ મોટેથી હોય છે કારણ કે તેઓ વધુ કંપન અને કમ્બશન અવાજ ઉત્પન્ન કરે છે. આવો મોટો અવાજ તેના પર બેઠેલા લોકો અને નજીકમાં ચાલતા લોકોને પરેશાન કરી શકે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જ્યાં ધ્વનિ પ્રદૂષણની સમસ્યા છે. બાઇક સામાન્ય રીતે શાંતિથી ચલાવવા માટે બનાવવામાં આવે છે.

ત્રીજું, ડીઝલ એન્જિન ગેસોલિન અથવા ઈલેક્ટ્રિક એન્જિન કરતાં ઓછી ઊર્જા ઉત્પન્ન કરે છે. જેના કારણે એન્જિનનું RPM ઘટે છે. આ વસ્તુઓથી બચવા માટે કંપનીઓ માત્ર પેટ્રોલ, ગેસોલિન કે ઈલેક્ટ્રિક એન્જિનનો ઉપયોગ કરે છે. •